# શહેર-જિલ્લામાં ૬ દિવસમાં ૨૮૧ કેસ નોંધાયા

**ગ્રામ્યમાં ૯૪ તો શહેરમાં ૧૮૭ કેસ નોંધાયા : ક્વોરોન્ટાઈન, માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન અને હોમ આઈસોલેશનના નિયમોની કડક અમલવારી કરવા માટે લોકચર્ચા જાગી**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો હોવાથી હવે તંત્ર પણ સ્તબ્ધ બન્યુ છે. જે ગતિએ કેસો વધી રહ્યા છે તેમાં ટ્રાવેલ હિસ્ટ્રી હોવા ઉપરાંત મહિલાઓ અને વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં જાન્યુઆરી માસમાં જ પ્રથમ ૭ દિવસમાં ૨૮૧ કેસ નોંધાયા છે. જેમાં ૧૮૭ કેસ ગાંધીનગર શહેરમાં અને ૯૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

જે રીતે કેસો નોંધાયા છે તેમાંય પાંચ કેસ ઓમિક્રોન છે જોકે આ પાંચેય દર્દી સાજા થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે તેથી તંત્રને થોડીક રાહત જરૂર છે. શહેર-જિલ્લામાં સંપર્કમાં આવેલા અને ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા દર્દીઓ વધુ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે ત્યારે નગરજનો અને જિલ્લાવાસીઓ પણ બેદરકારી છોડી કોરોના ગાઈડલાઈન્સનો ચુસ્તતાથી અમલ કરે તે એટલુ જ જરૂરી છે.

શહેર-જિલ્લામાં પોઝીટીવીટી રેટ ૨.૫૦ ટકા નજીક છે. જોકે આ વખતે હોસ્પિટલાઈઝેશન ઓછુ છે. ૫૦ જેટલા દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

હોમ-આઈસોલેશન, ક્વોરોન્ટાઈન અને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી કડકાઈથી કરવામાં આવે તેવી લોક લાગણી છે. જોકે જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ લોકો ભયભીત થયા છે. શહેર-જિલ્લામાં કેસોની સંખ્યા વધી રહી છે એટલે તંત્રની દોડધામ વધી છે. ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવામાં આવે તે જરૂરી છે.

ખાસ કરીને કોરોનાના વેરિએન્ટ્સને લઈ પણ લોકજીભે ચર્ચા જાગી છે કે જે ઝડપે કેસો વધે છે તે કોરોનાના કે ઓમિક્રોનના છે તે હજુ સમજાતુ નથી. તંત્ર દ્વારા હવે જન-જાગૃત્તિ અભિયાન પણ સઘન બનાવવામાં આવે તેમ સૌ ઈચ્છી રહ્યા છે.

## શહેરમાં સતત બીજે દિવસે ૫૯ કેસ : પોઝીટીવ રેટ ૨.૫૦ ટકા

**શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૩૯ અને સેક્ટરોમાં ૨૦ કેસ : ૧૨ દર્દીઓ પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે : ૨૭ મહિલા દર્દી : કુડાસણમાં ૧૦, ન્યુ સરગાસણમાં ૫, સરગાસણમાં ૬, વાવોલમાં ૫, સે. ૩ માં ૪, સે. ૭ માં ૩, રાયસણમાં ૩ કેસ, કોબામાં ૪ કેસ, સે. ૨૮, ૬, ૨૬, ૯, સે. ૨૫માં ૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે કોરોનાના ૫૯ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૪૮ પર પહોંચી છે. શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યાએ બેવડી સદી પુરી કરી હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

શહેરમાં આજે એક સાથે ૧૮ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. કેન્દ્ર સરકારે ડિસ્ચાર્જ માટેની નવી નીતિ જાહેર કરી છે તે મુજબ આ દર્દીઓને ત્રણ દિવસથી તાવ કે અન્ય કોઈ લક્ષણો ન જણાતાં ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જોકે તેમણે હજુ ક્વોરોન્ટાઈન તો રહેવુ જ પડશે.

**૮ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આજે શહેરમાં ૧૯૦ થી વધુ એક્ટીવ કેસો સારવાર હેઠળ છે**

શહેરમાં આજે બીજે દિવસે ૫૯ કેસ નોંધાયા છે તેને લઈ તંત્ર આખો દિવસ સતત દોડતુ રહ્યુ હતુ. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે અન્ય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાં ૨૭ મહિલા દર્દી છે તો ૧૬ દર્દીઓ રાજ્યના અન્ય વિસ્તારો કે રાજ્ય બહારના પ્રવાસે ગયેલા હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩૯ કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના અને ૨૦ કેસ શહેરના વિવિધ સેક્ટરોમાં નોંધાયા છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાં બીજી લ્હેર વખતે સંવેદનશીલ બનેલ કુડાસણમાં આજે પણ ૧૦ કેસ મળી આવ્યા છે. કુડાસણ એ શહેરમાં હોટસ્પોટ તરીકે ઉભરી આવ્યુ છે.

કુડાસણમાં એક ૫૮ વર્ષીય મહિલા, ૨૬ વર્ષીય મહિલા, ૨૨ વર્ષીય મહિલા, ૫૯ વર્ષીય પુરૂષ, ૨૩ વર્ષીય યુવાન અને ૬૦ વર્ષીય પુરષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૨૧ વર્ષીય યુવાન ઉજ્જૈનના પ્રવાસે ગયો હતો અને તેનો રિપોર્ટ પોઝીટી આવ્યો છે. તો ૨૯ વર્ષીય યુવાન ચેન્નાઈ ગયો હતો જેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૧૯ વર્ષીય દિકરી અને ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગરના સરગાસણ ગામમાં ૬ તેમજ ન્યુ સરગાસણમાં ૫ કેસ નોંધાયા છે. વાવોલમાં ૫ કેસ તો કોબામાં ૪ કેસ, રાયસણમાં ૩ કેસ ઉપરાંત સુઘડ, ખોરજ, રાંદેસણ, કોબામાંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરના સે. ૭ માં ૩, સે. ૩ માં ૪ તેમજ સે. ૨૮, ૨૬, ૯, ૨૫ માં ૨-૨ કેસ તથા સે. ૧૨, ૨૧, ૨૯, ૫, ૧૩ માંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં કેસોની સંખ્યા જે રીતે વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં મહિલા દર્દીઓ તેમજ વિદ્યાર્થીઓના કેસ વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે ૧૮ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આજે શહેરમાં ૧૯૦ થી વધુ એક્ટીવ કેસો સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટે તાકીદ કરી છે.

શહેરમાં ૮૫ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. તેમજ પોઝીટીવીટી રેટ પણ ૨.૫૦ ટકા સુધી પહોંચી ગયો છે. તંત્રએ નોંધાયેલા દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું ટ્રેસીંગ કરી ૨૪૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અસરકારક અમલવારી માટે પણ કડક તાકીદ કરવામાં આવી છે.

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૩૨ કેસ નોંધાયા : કુલ ૧૨૨ કેસ

**ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોએ સદી પુરી કરી : કેસનો કુલ આંક ૧૨૨ થયો : દહેગામ-૧, ગાંધીનગર-૧૩, કલોલ-૧૪, માણસામાં ૪ કેસ નોંધાયા : ૧૨ મહિલા દર્દીઓ સંક્રમિતોની યાદીમાં**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના નવા ૩૨ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૨૨ થઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાએ સદી પુરી કરી હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૧૩, કલોલમાં ૧૪ અને માણસામાં ૪, દહેગામમાં-૧ કેસ નોંધાયો છે. ગાંધીનગર-કલોલ એ અમદાવાદ સાથે વધુ સંકળાયેલા હોવાથી કેસો જે સંખ્યામાં મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

બીજી લ્હેર વખતે આ બન્ને તાલુકાઓ સૌથી વધુ સંવેદનશીલ બની ઉભર્યા હતા. ગાંધીનગર તાલુકા અને કલોલ તાલુકામાં સઘન સર્વેલન્સ તેમજ વધુ ને વધુ ટેસ્ટીંગ કરવામાં આવે તે માટે તંત્રએ સૂચનાઓ આપી છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૨ મહિલા, ૬ કર્મયોગી, ૧ ખેડૂત, ૧ પૂજારી, ૪ વિદ્યાર્થી અને ૧ એથ્લેટનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસમાંથી એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે અન્ય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરેલ છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આજે એક કેસ નોંધાયેલ છે. લાલજીના મુવાડા ગામે ૪૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર તાલુકાના લેકાવાડા ગામમાં બે અને સી.આર.પી.એફ.માં બે કેસ નોંધાયા છે. મોટા-ચિલોડા ગામે પણ એક કેસ નોંધાયેલ છે. પીંપલજમાં પણ એક કેસ નોંધાયેલ છે.

ગાંધીનગર તાલુકાનું અડાલજ ગામ એ કોરોનાની આ ત્રીજી લ્હેરમાં પણ હોટસ્પોટ બની ઉભરી આવ્યું છે. આજે અડાલજ ગામેથી વધુ ૬ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૬ કેસમાં ૪ મહિલા દર્દી છે. એક વેપારી અને એક ખાનગી નોકરી કરતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં આજે ૧૪ કેસ નોંધાયા છે. કલોલ અર્બન એરિયામાં પાંચ કેસ નોંધાયા છે. કલોલ નજીક આવેલ બોરીસણા ગામ જે સેમી અર્બન ગણાય છે ત્યાંથી ૬ કેસ મળી આવ્યા છે. સઈજમાંથી ૪ કેસ મળી આવ્યા છે. માણસામાં ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ આજોલ પ્રા.આ. કેન્દ્ર વિસ્તારમાં નોંધાયા છે. જ્યારે ઈટાદરા અને માણસા અર્બનમાંથી એક-એક કેસ મળી આવેલ છે. જિલ્લામાં કેસોની સંખ્યા વધતાં તંત્રમાં દોડધામ વધી જવા પામી છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી તેમજ તે અંગેનું મોનીટરીંગ પણ અસરકારક રીતે થાય તે માટેની સૂચનાઓ આજે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી સોલંકીએ વિડીયો કોન્ફરન્સ ગુગલ મીટ એપથી કરી આપી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેમાંય ખાસ કરીને મહિલાઓ તેમજ વિદ્યાર્થીઓના તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં રોજના ૧૫૦૦ થી ૧૭૦૦ ટેસ્ટ કરવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં પોઝીટીવીટી રેટ ૨ ટકાએ પહોંચ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૩ એક્ટીવ કેસ તરીકે દર્દીઓ સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ થી વધુ કન્ટનમેન્ટ ઝોન આવેલા છે. જિલ્લામાં ૨૪૦૦થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહમાં જે ઉછાળો કોરોનાના કેસોનો આવેલ છે તેને લઈ તંત્રએ હવે આક્રમક રીતે પ્રતિકાર કરવાની રણનીતિ તૈયાર કરી અને દર્દીઓ તેમજ તેમના સંપર્કમાં આવેલા લોકોનું ટ્રેસીંગ કરી ટેસ્ટીંગ વધારવા પર ભાર મુકવાનો નિર્ણય કરેલ છે.

# શહેરમાં ભર શિયાળે ચોમાસાનો માહોલ


**વરસાદી ઝાપટાથી ભીંજારો : વાતાવરણ પલ્ટાના લીધે મહત્તમ તાપમાન ૪ ડીગ્રી નીચે સરક્યુ : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે પણ માત્ર ૪ ડીગ્રીનો તફાવત : ઠંડીનો પારો ૧૭.૮ ડીગ્રી : સતત બદલાતા વાતાવરણથી જનજીવનમાં સુસ્તી**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. જયારે બપોરના સમયે અચાનક જ વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં વરસાદી પાણીના ખોબોચિયા ભરાયા હતા. તાપમાન ૪ ડીગ્રી નીચે ઉતરી ગયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૪ ડીગ્રીનો જ તફાવત રહ્યો હતો. દિવસે વરસાદી મોસમના મિજાજથી નગરજનો બેચેની અને સુસ્તી અનુભવી રહ્યા છે. આગામી એકાદ દિવસમાં આકરી ઠંડીનુ મોજુ ફરી વળે તેવી દિવસોમાં આજે સતત ચોથીવાર વાતાવરણ પલ્ટાના વચ્ચે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. ભર શિયાળે અષાઢી નઝારો નિખર્યો હતો.





જયારે આજે પણ ભર શિયાળે આભમાં અષાઢી નઝારો નિખર્યો હતો. સવારથી જ વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે આજે ઠંડી અદ્રશ્ય રહી હતી. ઠંડીનો પારો ૧૭.૮ ડીગ્રીએ પહોંચી ગયો હતો. પરંતુ દિવસનુ ઝાપટાના અંતે વાતાવરણમાં ધુમ્મસની અસર જોવા મળી હતી. શિયાળાની આકરી ઠંડીના દિવસોમાં સતત બદલાતા પણ સંભાવના છે.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વાદળિયુ વાતાવરણ છવાયેલુ છે. શિયાળાની ઠંડીના ગઈકાલે આખો દિવસ વાદળિયા વાતાવરણના અંતે સાંજના સમયે વરસાદી છાંટણા વરસ્યા હતા

● અનુસંધાન પાન-૭ પર

## ૧૮મી જાન્યુઆરી સુધીમાં ડેપ્યુટી સરપંચોની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ ગ્રામ પંચાયતોની પ્રથમ સભા આજથી લઈ ૧૮મી સુધીમાં યોજી અને ઉપ સરપંચોની વરણી કરવામાં આવશે.

જિલ્લામાં ૧૫૪ જેટલી પંચાયતોની ચૂંટણીઓ યોજાઈ હતી. ૨૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ હતી જ્યારે પાંચ પંચાયતો અશંતઃ સમરસ થઈ હતી. આ ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા બાદ હવે આ નવી રચાયેલ પંચાયતોના ચાર્જ સંભાળવા તેમજ ઉપ સરપંચોની ચૂંટણીની પ્રક્રિયા પ્રથમ સભામાં હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર તાલુકામાં ૧૫ અધ્યાશી અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે અને ૧૪મી સુધી તમામ ૫૪ ગામોમાં પ્રથમ સભા યોજાઈ જશે.

દહેગામ તાલુકામાં ૧૭ અને ૧૮ જાન્યુારીના રોજ આ બેઠકો યોજવામાં આવશે. માણસામાં પણ ૧૭મીના રોજ બધી જ પંચાયતોમાં પ્રથમ સભા યોજાશે. કલોલમાં પણ ૧૭મીએ જ પ્રથમ બેઠક પંચાયતોની મળશે. આ માટેના એજન્ડા પણ જારી કરી દેવામાં આવ્યા છે તેમજ અધ્યાશી અધિકારીઓના હુકમો પણ કરી દેવામાં આવ્યા છે.

**નવી રચાયેલ પંચાયતોના ચાર્જ સંભાળવા તેમજ ઉપ સરપંચોની ચૂંટણીની પ્રક્રિયા પ્રથમ સભામાં હાથ ધરવામાં આવશે : ૨૦મીથી જિલ્લામાં નવા સરપંચો અને ઉપ સરપંચો દ્વારા તેમની કામગીરીનો આરંભ કરી દેવાશે**

૨૦મી જાન્યુઆરીથી જિલ્લામાં નવા સરપંચો અને ઉપ સરપંચો દ્વારા તેમની કામગીરીનો આરંભ કરી દેવામાં આવશે. આ પછી વિકાસના કામો વેગીલા બનશે તેમ મનાઈ રહ્યું છે.

## હવે વાઈબ્રન્ટ બંધ... વરસાદ ચાલુ... વૃક્ષોના ટ્રીમીંગ બાદ સ્થળ પર કચરાનો ઢગ

ગાંધીનગરમાં એકબાજુ વાઈબ્રન્ટ સમિટ મોકુફ રાખવાની જાહેરાત કરવામાં આવતાની સાથે મોસમનો મિજાજ પણ બદલાયો હતો. છેલ્લા બે દિવસના વાદળિયા વાતાવરણના અંતે આજે વરસાદ ચાલુ થઈ ગયો છે. જેના લીધે વાઈબ્રન્ટને અનુલક્ષી માર્ગો પર હાથ ધરાયેલી રંગરોગાન અને રોશનીની કામગીરી પણ વરસાદી વાતાવરણમાં પ્રભાવિત થઈ હતી.

વન આરક્ષિત વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા માટે આજે દિવસ દરમિયાન મશીન પણ કામે લાગ્યુ હતુ. જો કે વૃક્ષોના ટ્રીમીંગ બાદ ઠેર ઠેર સફાઈના અભાવે વરસાદી દિવસોમાં ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. વાઈબ્રન્ટ બંધ રહેતા માર્ગો આસપાસ બોર્ડસ અને હોર્ડીંગ્સ ઉતારવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી હતી જયારે સફાઈનુ કામ પણ જાણે પડતુ મુકી દેવાયુ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જેના લીધે વરસાદી દિવસોમાં શહેરના મુખ્યમાર્ગો પર ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. શહેરમાં ચ માર્ગ પર પેચવર્કનુ પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે જયારે વરસાદી વાતાવરણ વચ્ચે આ કામગીરી પણ બંધ કરવાની ફરજ પડી હતી.

## સે-૩ બીમાં સફાઈ કામદારને ગટર લાઈનમાં ઉતારવા માટે જવાબદાર એજન્સી સામે પગલા લેવા માંગણી

ગાંધીનગર તા ૬

ગાંધીનગરના સેકટરોમાં વારંવાર ગટર લાઈનો ઉભરાય છે એકબાજુ સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે પણ ટુંકમાં કામગીરી હાથ ધરવામાં આવનાર છે. ત્યારે આજે સે-૩ બી માં ગટર લાઈનનુ કામ કરતી એજન્સી દ્વારા એક સફાઈ કામદારને લાઈનમાં ઉતારવામાં આવતા આ પ્રકારની હરકત સામે કડક પગલા લેવાય તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે. જિજ્ઞેશ મેવાણીએ આ મામલે તસવીર ટવિટર પર ટવિટ કરીને જિલ્લા કલેકટરને પણ જવાબદાર સામે યોગ્ય પગલા લેવા રજુઆત કરી છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુની ગટર લાઈન સેકટરોમાં વારંવાર ઉભરાતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે ગટર લાઈનની ફરિયાદો ડામવા માટે તંત્ર દ્વારા રોબો તેમજ જેટીંગ મશીનનો ઉપયોગ કરવામાં આવે છે. સે-૩ બી માં નવરાત્રિ ચોક પાસે પણ આજે ગટર લાઈનમાં ભંગાણ થવાની સાથે લાઈન ઉભરાતી હોવાના મામલે તંત્રએ નિયત કરેલી એજન્સી મારફતે સ્થળ પર કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ આ દરમિયાન એજન્સીના સફાઈ કામદારને લાઈનમાં ઉતારવામાં આવ્યો હોવાનુ પ્રકાશમાં આવતા આ મામલે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ આ તસવીર ટિવટર પર મુકીને જિલ્લા કલેકટરને આ મામલે જવાબદાર સામે કડક પગલા લેવા માટે અવાજ ઉઠાવ્યો છે. શહેરમાં અગાઉ પણ ગટર લાઈનમાં સફાઈ કામદાર ઉતારવાના મામલે અનેકવાર ફરિયાદો થઈ હોવાનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. શહેરમાં આગામી દિવસોમાં ગટર લાઈન અપગ્રેડ કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com